દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫

# આપણા દીકરાને, ભાઈને મારી નાંખે, એની સાથે ક્રિકેટની રમત ન રમાય

ભારત અને પાકિસ્તાન આમ તો વર્ષોથી એક બીજા સામે સિરીઝ તો રમતા જ નથી પરંતુ જે આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ હોય તેમાં બંને દેશ વચ્ચે મુકાબલો થાય છે. અને આ મુકાબલો પણ ભારત કે પાકિસ્તાનની ધરતી પર નહીં પરંતુ અન્ય દેશમાં રમાઇ છે. પરંતુ તેનો રોમાંચ અલગ જ હોય છે. દરેક મોટા શહેરોના મલ્ટીપ્લેક્સમાં મોટા સ્ક્રીન પર તે પ્રદર્શીત કરવામાં આવે છે. સોસાયટીના પ્લોટ ઉપર કે પછી શેરી મહોલ્લાના નાકે મોટા સ્ક્રીન પર મેચ જોવામાં આવે છે. પરંતુ આ એશિયા કપમાં ભારત પાકિસ્તાન ટકરાઇ રહ્યું છે ત્યારે પહેલી વાર એવું બન્યું છે કે, જેને ભારતીયો ભગવાન ગણે છે તે ક્રિકેટ મેચ સાથે તેમને કોઇ લેવા દેવા જ નથી. આવુ ભારતમાં કદાચ પહેલી વખત બન્યું છે. અને તેનું કારણ એ છે કે, મોટાભાગના ભારતીયો માને છે કે, આપણા દીકરાને, ભાઇને મારી નાખે, એની સાથે રમત ન રમાય. પહેલગામમાં જે રીતે પાકિસ્તાન સમર્થિત આંતકવાદીઓએ હુમલો કરીને ભારતીયોને ધર્મ પૂછી પૂછીને તેમના પતિઓને ગોળી મારી દીધી હતી. આ વાત રાજકારણીઓ ભલે ભૂલી ગયા પરંતુ ભારતીયો ભૂલ્યા નથી. જે રીતે આજે આ મેચ વખતે ભારતમાં માહોલ જોવા મળ્યો છે તે જોતા તો ચોક્કસ જ કહી શકાય કે, ભારતના દીકરાઓમાં પાકિસ્તાન સામે જે આગ લાગી છે તે ઓપરેશન સિંદૂર થી ઠરી શકી નથી. પાકિસ્તાન સામેએશિયા કપ 2025માં આજે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ યોજાઇ હતી. ઓપરેશન સિંદૂર પછી બંને દેશો વચ્ચે આ પહેલી આંતરરાષ્ટ્રીય મેચ હતી. જોકે, દેશભરના ક્રિકેટ ચાહકો વિભાજિત છે. ક્યાંક વિરોધ થઈ રહ્યો હતો તો ક્યાંક ટીમ ઈન્ડિયાની જીત માટે હવન પૂજા થઈ રહી હતી. 22 એપ્રિલના રોજ પહેલગામ હુમલા અને 7 મેના રોજ ઓપરેશન સિંદૂર પછી આ પહેલીવાર છે જ્યારે બંને દેશોની ક્રિકેટ ટીમો એકબીજા સામે આવ્યા હતા. મહારાષ્ટ્રમાં શિવસેના ઉદ્ધવ જૂથના કાર્યકરોએ ટીવી તોડીને વિરોધ કર્યો. તે જ સમયે, મહિલા કાર્યકરોએ PMને સિંદૂર મોકલ્યું, તેમજ BCCI માટે દાન માગ્યું હતું. પહેલગામ હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોએ પણ ભારત-પાકિસ્તાન મેચ સામે નિવેદન આપ્યું. ઘણા લોકોએ કહ્યું- જેના હાથ લોહીથી રંગાયેલા છે આપણે તેની સાથે જ મેચ રમી રહ્યા છીએ. હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સરકારને સવાલ કર્યો કે શું મેચમાંથી કમાયેલા પૈસા પહેલગામ હુમલામાં માર્યા ગયેલા 26 નાગરિકોના જીવ કરતાં વધુ કિંમતી છે. વિસનગરમાં પ્રવીણ તોગડિયાએ ભારત પાકિસ્તાન મેચને લઈ પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, પાકિસ્તાન પહેલગામમાં હુમલો કરે અને એની સાથે રમવાનું હોય? કોઈ આપણા દીકરાને, ભાઈને મારી નાખે, એની સાથે રમત ન રમાય, નામોનિશાન મીટા દો પાકિસ્તાન કા... ખેલ નહીં યુદ્ધ હોગા...હરિયાણાના કૈથલમાં કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યું કે જે દેશ સાથે આપણો વિવાદ છે તેની સાથે ક્રિકેટ રમવું એ શહીદોનું અપમાન છે. અમિત શાહના પુત્ર જય શાહ અને BCCI આ મેચમાંથી પૈસા કમાઈ રહ્યા છે. લોહી અને ક્રિકેટની રમત એકસાથે કેવી રીતે ચાલી શકે? ઓલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિએશન (AICWA) એ આજે દુબઈમાં રમાનારી ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચનો સખત વિરોધ કર્યો છે. સંગઠને તેને દેશના શહીદોનું અપમાન ગણાવ્યું છે અને મેચ તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે. AAP સાંસદ સંજય સિંહે કહ્યું- જ્યારે વડાપ્રધાન પોતે કહે છે કે આતંકવાદ અને વ્યવસાય સાથે ન ચાલી શકે, તો પછી ક્રિકેટ કેવી રીતે રમાઈ રહ્યું છે? શું દેશના સન્માન કરતાં પૈસા વધુ મહત્વપૂર્ણ છે?અભિનેતા નાના પાટેકરે પુણેમાં કહ્યું હતું કે આ વિષય પર વાત કરવી યોગ્ય નથી, પરંતુ તેમનો વ્યક્તિગત અભિપ્રાય છે કે ભારતે પાકિસ્તાન સાથે ન રમવું જોઈએ. જ્યારે આપણા લોકોનું લોહી વહેવડાવવામાં આવ્યું છે, તો પછી તેમની સાથે રમવાનો શું અર્થ છે? આજે ઉભી થયેલી સ્થિતિએ ફરી બાળાસાહેબ ઠાકરેની યાદ અપાવી દીધી છે. આ દેશમાં એક જ મર્દ કહેવાય તેવો રાજકારણી પાક્યો હતો જેના શિવસૈનિકોએ મુંબઇની ધરતી પર પાકિસ્તાની ક્રિકેટર્સ પગ નહીં મૂકે તે માટે પીચ જ ખોદી નાંખી હતી.

# મજ્જાની વાર્તાઓ અંગત રીતે....

પ્રયત્ન એ કરવો છે કે અંગત સ્તરે જઈને વાત ન કરું. મારા જીવનના પિસ્તાલીસ વર્ષમાંથી અડધો-અડધ વર્ષો- લગભગ વીસ વર્ષ ઉપરનો સમય જેની સાથે ગાઢ રીતે સંકળાયેલો રહ્યો એ હિસ્સાને દૂર કરીને વાત કરું. છાના-માના રોજનીશી લખતા રહેલા એવા મિત્ર વિશે વાત ન કરું જેણે એની પહેલી રચનાને મારી સામે વાંચી હતી, દિવસો અને રાતોની રાતો એકબીજાના શબ્દને વાંચ્યા હતા એ દિવસોને ભૂલીને મારે વાત કરવાની છે. અમારા બંનેના રસના ક્ષેત્ર એક હતા- ચિત્ર અને સાહિત્ય. એક બેન્ચ પર બેસીને કરેલા અનેક ચિત્રોને ભૂલી જઈને મારે વાત કરવી છે. ફેફસાફાડ હાસ્ય જેની સાથે ભોગવ્યું છે, જેની સાથે રખડપટ્ટી કરી છે ને પાછી એ રખડપટ્ટની સમાન્તરે કલ્પેલી સૃષ્ટિને અમે શબ્દોમાં માણી છે- એ બધું ય ભૂલીને મારે વાત કરવાની છે.

મારે વાત કરવાની છે, એ જીજ્ઞેશ બ્રહ્મભટ્ટની જે હતો, જે આજેય છે ને કાયમ સાથે રહેવાનો છે.

મને ખબર છે કે એના પર શરૂઆતમાં મધુરાયની ખાસ્સી અસર હતી, એને શબ્દોના લય સાથે, શબ્દોની ઉલટ-સૂલટ સાથે રમવાની મજા આવતી રંગોની પીંછી સાથે રમતો એવી જ. મને એય ખબર છે કે એ પ્રયોગશીલ હતો, એ દેશીવાદી બનીને સિમિત રહે એવો નહોતો, એની રચનાઓમાં સ્થળ-કાળ ભૂંસવાની મથામણ કરતો, એ એવા કથાનકોને પસંદ કરતો જેમાં માનવજાતનો વૈશ્વિક ચહેરો હોય. એને મજા આવતી મૂળ મનોભાવોની છટાઓને પ્રગટાવવામાં. અમે લખવાનું શરુ કર્યું ત્યારે છોકરા-છોકરીના પ્રેમને આલેખતો, એની વાર્તાઓની જેમ જ એના અનેક મહોરાં હતા. એ શાંત, સ્મિતસભર ચહેરે જોયા કરતો ઠરેલ વ્યક્તિ લાગે પણ અંદરથી એવો નહોતો. સતત ખળભળેલો રહેતો..! બોલીને એ ભાગ્યે જ પ્રગટ થતો. એ રંગોમાં, એ શબ્દોમાં અને સાથે બેઠા હોઈએ ત્યારે આંખોમાં વંચાતો. એ ચાલ્યો નથી ગયો, એ એક બાજુ દેહથી સંકોચાતો રહ્યો ને બીજી બાજુ વિસ્તરતો ગયો એની દિકરીઓ અને પત્નીમાં- પરી, પંખીને શ્રદ્ધામાં. એ વિસ્તર્યો નૃત્ય બનીને, ગીત બનીને, સંગીત બનીને, પેઈન્ટિંગ્સ બનીને, અને એ પછીએ શબ્દને તો ન જ છોડ્યો, એ પરી-પંખીના શબ્દોમાં વિસ્તરતો રહેશે. જિગલો અટકે નહીં એવો કલાકાર. હા, એણે અમને સૌને જકડી લીધા, સ્થગિત કરી નાંખ્યા-એની સ્મૃતિઓમાં થીઝાઈને રહેવાનું અમારી-આપણી નિયતી છે. ને એ ય હવે ના-છૂટકે મંજૂર છે.

લ્યો તારે 'જિગલા'થી વાત માંડું. આ વાર્તામાં એણે જે ટેકનિક અપનાવી છે 'ફેન્ટસી-જગત'માં જવાની એ મજાની છે. એને રમવામાં રસ છે. વાર્તાકાર લખે છે 'આગળ પાછળની કંઈ ચિંતા નહીં કરવાની. કેવળ રમવાનું, આનંદ કરવાનો. ક્રિકેટ રમતો હોય તો કેટલા રન થયા અને કેટલા કરવાના તેની ચિંતા નહીં, વોલીબોલ રમતો હોય તો કોના કેટલા પોઈન્ટ થયા એની ફિકર નહીં...' આવા જિગલાને ક્રિકેટમાં ફિલ્ડીંગ ભરતી વખતે કેચ કરવામાં આકસ્મિક રીતે આંખ પર બોલ વાગે છે. બાહ્ય રીતે તો જૂઓ તો બહુ ગંભીર ઘટના નથી, આંખ લાલ થઈ, બધું ધૂંધળું દેખાવા લાગ્યું થોડી વાર માટે પણ પછીથી એના

**'જીગલા'નું સ્વાગત છે, એ ત્રણ ચાર વર્ષ મૂંગો મૂગો ખુરશીમાં બેસીને તાકી રહેતો- એની એ આંખો અને એમાં ઉછળતો ચમકારો હજીએ મારી આંખમાં તગતગે છે. એના શબ્દો જ હવે તો આપણી મૂડી ! એનું વિસ્તરણ અટકશે નહીં, એ નક્કી.**

જીવનમાં આવેલ બદલાવ, એ આ વાર્તાનું કેન્દ્ર છે. જિગલાને પોતાને કંઈક ગરબડ થઈ હોય એમ લાગે છે, એ આંખથી જોવામાં. આપણે એની સામે જોઈએ તો બધું સામાન્ય લાગે, એ પણ એની સાજી-સમી આંખે જૂએ તો બધું યથાવત દેખાય છે, પણ વાગેલી આંખથી જૂએ ત્યારે જુદી જ ઘટના દેખાય. જુદી એટલે સાવ જુદી પણ નહીં, વારંવાર પ્રયત્નો કરીને એ મનોમન શોધી કાઢે છે કે એની વાગેલી આંખથી જે ઘટનાઓ જૂએ છે એ એક્ઝેટ નવ મિનિટ પહેલાનું દેખાડે છે. એટલે કે એક આંખ સ્વસ્થ અને સમયસર જૂએ છે, બીજી અને વાગેલી આંખે જે દેખાય છે તે નવ મિનિટ જેટલી પહેલા ઘટેલી ઘટનાને જૂએ છે. આ રીતે વાર્તાકારે સરસ મજાની ટેક્નિક દ્વારા ફેન્ટસી વર્લ્ડનું બારણું ઉઘાડી આપે છે.

અક્ષરની આરાધના

સંપાદનઃ નરેશ શુક્લ

આવી સરસ ટેકનિક અપનાવ્યાં પછી એ જે જૂએ છે તેમાં વાર્તા વિસ્તરી છે. જિગલાને તો મજા પડી ગઈ. મજા એવી પડી કે સાંજનું મિત્રો સાથે રમવા જવાનું બંધ થયું અને એકલો એકલો બગીચામાં આંટા મારવા લાગ્યો. મીનુ રોજ અડધો કલાક વોક કરતી. પછી પાંચ-સાત મિનિટ એની બહેનપણી સાથે બાકડે બેસીને વાતો કરતી. જિગલો બરોબર દસ મિનિટ પાછળ આંટા મારવા લાગ્યો. ધીમે ધીમે એને સમજાયું કે બગીચામાં મીનુ સિવાય પણ ઘણું બધું જોવા જાણવા જેવું હતું. કોલેજમાંય ધીમે ધીમે જિગલો એકલો રહેતો થયો. ક્યારેક બારી પાસે, ક્યારેક સીડીઓ પાસે, ક્યારેક કોરિડોર, ક્યારેક બહારના ગાર્ડનમાં, પાર્કિંગમાં અને એલ.આર.ની સામે એકલો ભટકતો જિગલો દેખાવા લાગ્યો! આ બદલાયેલા જિગલાના હાથમાં એવી ચાવી આવી ગઈ હતી કે વર્ષોથી બંધ રહેતાં બારણાં અચાનક ઊઘડી ગયાં હતાં. ક્યારેય જોવા, જાણવા ન મળે એવાં રહસ્યો જિગલા સમક્ષ ખૂલવા લાગ્યાં હતાં. પડોશીઓ, મિત્રો, સગાંસંબંધી, જાણીતાં-અજાણ્યાં તમામ લોકોની કદીએ જોવા-જાણવા ન મળે એવી વાતો, એવી વસ્તુઓ, એવી હકીકતો જિગલાની ડાબી આંખ સમક્ષ કોઈ પુસ્તકના પાનાં ઊઘડે એમ સતત ઊઘડતી જતી હતી. અને એ રસપ્રદ પુસ્તકનાં લોભામણાં રહસ્યોને જિગલો એની ડાબી આંખ વડે લોલુપતાથી પીતો જતો હતો..!

ચડતું લોહી એટલે મૉલમાં આંટા મારે, ખાસ તો ટ્રાયલ રૂમમાં રસ પડે. એમાં એકવાર તો મીનુ ખરીદી કરવા આવેલી...! ડાબી આંખનો વારો (એ આંખ નવ મિનિટ પહેલાની ઘટના જોતી થઈ ગયેલી !) આવવાની રાહ જોતો રહેલો અને વારો આવતાં ઊંડા શ્વાસો ભરતો ટ્રાયલ રૂમમાં પેસી ગયેલો ! મીનુની સામે નજર માંડીને જોઈ ન શકનાર જિગલાએ તે દહાડે મન ભરીને એક આંખે મીનુને, એનાં રોમ રોમને પીધા કર્યું હતું. આખેઆખો જિગલો ભરાઈ, ઊભરાઈ ગયો ત્યાં લગી પીતો રહેલો.

એ મનોમન ચાહતો એની બહેનની બહેનપણી મીનુ ને, જ્યારે એના પ્રેમીની બાહોમાં જોઈ, એની વિશિષ્ટ આંખથી, ત્યારે એને જે ઝાટકો લાગ્યો તે ગજબનો હતો. એ ઝાટકા વખતે પોતાની જ આંખ પર મુક્કો માર્યો ને નવો ચમત્કાર સર્જાયો, નવ મિનિટથી વધારે ઊંડા ભૂતકાળની ચાવી પણ મળી ! ડોળાને સેટ કરે એમ એ આગળ પાછળ ભૂતકાળમાં જઈ શક્યો. પછી એણે મૂળ પેલી ફિલ્ડિંગ વખતની વેળામાં જઈને નોર્મલ થવાના ઘણાં ઉધામા કર્યા ને બૂમબરાડા પાડ્યા પણ નાકામ રહ્યો. તે દા'ડાનો જિગલો પોતાની રૂમમાં એવો ભરાયો છે કે બહાર નીકળવાનું નામ નથી લેતો. અમદાવાદના રન્નાપાર્ક વિસ્તારની સૂર્યનારાયણ સોસાયટીમાં નવ નંબરનું એનું મકાન છે. ક્યારેક એ બાજુ જવાનું થાય ને મન થાય તો મળજો જિગલાને. એના રૂમમાં, એની સામે તમે બેઠા હશો ને તમને લાગશે કે એ તમને જોઈ રહ્યો છે. પણ એ તમારી આરપાર તાકી રહ્યો હશે ! તમારા ગયા પહેલાં અને તમારા નીકળ્યા પછી જિગલાની આંખો એ ઈચ્છે એટલી વાર તમને તાક્યા કરતી હશે !

આ વાર્તા જિજ્ઞેશ બ્રહ્મભટ્ટની આદત મૂજબ હળવી શૈલીએ ગંભીર બાબતને તાકે છે. વર્તમાનની સાથોસાથ એ એવા એવા પરિમાણોને જોવા ચાહે છે જે આપણી આસપાસ અને આપણાંમાં વહેતા સમયની સાથે ઘટતી હોય છે. એને એમાં રસ છે. સેકન્ડ સેલ્ફ-માત્ર પોતાની જ જાત નહીં, બધાની જાતને, સાચકલી જાતને, ફિનોમિનનરૂપે જોવા-અનુભવવા ધારે છે. આપણી જ આસપાસના સંસારને એણે અનેક પરિમાણો સાથે આલેખવાનો-ઉપસાવવાનો પ્રયાસ આ વાર્તામાં કર્યો છે. આમ આ કલ્પનાલોક લાગે પણ વાસ્તવનો તાર ક્યાંય છોડ્યો નથી. આ કપોળકલ્પના નથી, વાસ્તવનું મોટું, પરા-વાસ્તવનું રૂપ અહીં ઉપસી આવ્યું છે.

'પગલાં' વાર્તા મને વધારે પસંદ આવી છે. લતા એની નાયિકા છે. ઘટના નામે ખાસ કશું નથી. પતિ સાથે બગીચામાં ચાલવા ગઈ છે. પતિ આગળ એ એના પગલે પગલે પગલું દાબીને ચાલે છે. નાનપણથી જ એવી. પહેલા પપ્પાના મોટા પગલામાં પોતાની પગલીઓ પાડતી આ જ બગીચામાં ચાલવા જતી. હવે પતિના પગલામાં પગ નાંખીને ચાલે છે. પતિ અચાનક જ બગીચાની બહાર જાય, લતા એકલી પડતા બાકડે બેસે ને કોઈ અજાણ્યો જણ આવે, અચાનક જ જાણે પ્રગટ થાય. જાદુગર અને ફેરીયા જેવો. લિપસ્ટિક, તેલ ને કાંસકો ને એવું બધું ખરીદવા લલચાવે. અંતે લતાને રસ પડે નેઈલ પોલિસમાં. પેલો નખ રંગી આપવાનું કહે- લતા નખ રંગાવતી હોય ત્યાં પતિ પ્રગટ થાય ને આ નખ રંગાવતી લતાને જોતાં જ ગુસ્સે થાય. એ વહેમાય છે. એને કશા ખુલાસા માન્ય નથી 'હલકટ.કુલ્ટા' જેવા વચનો સાંભળીને લતા ક્રોધિત થાય- એટલે એના પગમાંથી અગ્નિ પ્રગટે ને જ્વાળામાં એના બધાં વસ્ત્રો ય બળી જાય! એ હવે નિર્વસ્ત્ર છે, ટોળું ભેગું થઈ જાય એને જોવા ! તમાસો વધતો ચાલે. લતાનો એક જૂનો મિત્ર જે કપડાનો વેપારી હતો એ એને પોતાની પાસે રહેલા વસ્ત્રોથી ઢાંકવા મથે, પણ વ્યર્થ વસ્ત્રો સળગી ગયા એટલે હવે એ નગ્ન છે. એ બાંકડે ચડીને પાછળ રહેલાં ઝાડ-ઝાંખરામાં પડતું મુકે..! અથડાતી કૂટાતી એ નીચે ને નીચે પડતી જાય- એક અર્થમાં ફેન્ટસીના વિશ્વમાં જઈ પડે. એની પાછળ એ જ ઝાડ-ઝાંખરામાં પડે છે બીજો વ્યક્તિ, પતિ તો એને છોડી ગયો હોય છે, ટોળું તો એની નગ્નતાને તાકવામાં વ્યસ્ત છે. લતા એના માતા-પિતાના ઘરે જાય, મા એને ઢાંકવા મથે પણ વ્યર્થ, પિતા આ સ્થિતિમાં એને ધૂત્કારીને કાઢે, પતિના ઘરે જાય ત્યાંય ધૂત્કાર ! અંતે ટોળાથી છૂટવા, ઘરથી છૂટવા, પુરુષપ્રધાન સમાજથી છૂટવા એ નગર છોડીને ભાગી છૂટે ! જંગલમાં..ત્યાં ય નગ્નતા



તો વળગેલી જ છે. અચાનક ક્યાંકથી એક જાજરમાન સ્ત્રી દેખાઈ, એ પણ નગ્ન. અંતે એ એને એવા વિશ્વમાં લઈ જાય જ્યાં બધાં જ નગ્ન, હડધૂત થયેલાં પણ જમીનથી એક વેંત ઊંચે ચાલતા ને સ્વમાનભેર જીવતા માણસો દેખાય ! આ વાર્તાનો અંત છે. લતા નામ પોતે જ પ્રતીકાત્મક છે. વૃક્ષને વળગીને, કશાકને આધાર બનાવીને વિકસતું વ્યક્તિત્વ. એ સ્ત્રી જાતનું, કલંકિત ગણીને જેને સમાજ, ટોળું હડધૂત કરી નાંખે છે એનું પ્રતીક બનીને આખી વાર્તામાં વ્યાપે છે.

જિજ્ઞેશ બ્રહ્મભટ્ટની આ વાર્તા જરા પણ ગતિ છોડ્યા વિના અંતગામી રહી છે. બહુ બધા સંકેતો આપ્યાં છે તેથી આ વાર્તા પ્રમાણમાં મુખર બનીને આપણી સામે સામાજિક વાસ્તવને પ્રગટાવી આપે છે. જોકે, વાર્તામાં ટેક્નિકનો વિનિયોગ- વાસ્તવમાંથી વધુ-વાસ્તવના પટમાં જવાની ટેક્નિક અહીં પણ એણે ખપમાં લીધી છે. એની આરંભની વાર્તાઓથી અહીં સુધી પહોંચતામાં જિજ્ઞેશ ખાસ્સો સામાજિક પ્રતિબદ્ધતા દાખવતો થયો છે એ જોઈ શકાશે. હા, એ રજૂ કરવા માટેની જે રીત અપનાવે છે એ બેશક આધુનિક ગાળાની રચનાઓમાં અનુભવાય એવી છે.

મોતિયો-વાર્તામાં ચમનલાલ માસ્તરે મોતિયો ઉતરાવ્યો ને પછી સાજી થયેલી આંખે જે જોયું તેનું આલેખન વાર્તામાં કરાયું છે. આગામી પચ્ચીસ-પચાસ વર્ષ પછીની દુનીયા કેવી હશે ? એનું સપનું જિજ્ઞેશે આ વાર્તામાં જોયું છે. આ વાર્તામાં એકાદ બે બદલાયેલા મૂલ્યો તરફ વાર્તા વળાંક લેશે એવો અંદેશો આવે પણ એણે દિશા બદલી નાંખી, વાર્તા એ દિશામાં ફંટાવાની પૂરી શક્યતાઓ હોવા છતાં જિજ્ઞેશે એ ટાળ્યું ને ભૌતિક બદલાવોને આલેખવા તરફ વળી ગયો છે. આ વાર્તામાં ખરેખર કલ્પનાઓ છે. ઉડતી કાર, પ્રવાહી પટ્ટા બનીને બીછાતા જતાં રસ્તાઓ, જમીન ફાડીને અચાનક સર્જાતા મોટા મોટા બહુમાળી મકાનો, લિફ્ટની અજાયબ દુનીયા, મેડિકલ સાયન્સ અને શિક્ષણસંસ્થાઓ, ઘરની વ્યવસ્થાઓ- એણે બધું કલ્પ્યું છે. વૃક્ષો, પક્ષીઓ, પ્રાણીઓ અને વિષમતાઓ વિનાની એ દુનીયાને એણે રાગ-દ્વેષથી પર રહીને, તટસ્થ રહીને આલેખી છે. ચમનલાલ માસ્તર આપણું પ્રતિનિધિત્વ કરે છે, એટલે કે આપણા અત્યારના સમયનું પ્રતિનિધિત્વ કરે છે. ભૌતિક વિજ્ઞાનના શિક્ષક રહી ચૂકેલા ચમનલાલ આમ તો ચમત્કારોમાં માનતા નહીં, પણ એ જે કંઈ જૂએ છે એ ચમત્કારથી ઓછું નથી. જો કે, આ વાર્તાની મોટી મર્યાદા એ રહી છે કે, મોતિયો આવેલા ચમનલાલ માટે મોતિયો ઉતર્યા પછી તરત જ આટલો મોટો ફેરફાર કઈ રીતે દેખાયો એના સંકેતો આ વાર્તામાંથી મળતા નથી. એટલે મેં જે વાર્તાઓ પસંદ કરી એમાંથી આ વાર્તા ટેકનિકની રીતે પણ નબળી રહી ગયેલી વાર્તા તરીકે જોઉં છું.

આ સંગ્રહની પાંચમી વાર્તાને શીર્ષક નથી અપાયું. અંગત વર્તુળના મિત્રો એને કાળા ઘોડા-વાળી વાર્તાના નામથી ઓળખે છે. વાર્તાનું વિશ્વ સંપૂર્ણ કાલ્પનિક સ્તર પર વિસ્તરે છે. સરસ મજાનું આલેખન અહીં મળે છે- 'ખુલ્લું મેદાન, અનંત સુધી વિસ્તરેલું. સાવ સપાટ સમથળ. વૃક્ષો નહીં, વેલા નહીં, ખેતરો નહીં, ઘાસ નહીં, મકાનો નહીં, પથરા નહીં, નદીઓ નહીં, ઝરણાં નહીં, પર્વતો નહીં-કંઈ નહીં. સાવ સપાટ. ક્ષિતિજ સુધી વિસ્તરતું સમથળ મેદાન. ચો-તરફ ગોળમટોળ ક્ષિતિજનો ઘેરાવો ને ઉપર આકાશનો ઘુમ્મટ. બધું ભેગુ થઈને એક વિશાળ અર્ધવર્તુળ રચાય. પોલું અર્ધવર્તુળ. આકાશ મધ્યે મોલા અર્ધવર્તુળની ટોચે અજવાળાં વેરે છે ઝગમગતો સૂરજ...'

જિજ્ઞેશનો શબ્દ ટકશે. કેમકે, એમાં જીવનનું બળ છે. એની વાર્તાઓને એક સાથે વાંચીએ ત્યારે કેટલાક તત્ત્વો સર્વસામાન્ય જણાય છે. એક તો એ દરેક વાર્તામાં સેકન્ડ સેલ્ફને આલેખવા માટે જે ટેક્નિક્સનો ઉપયોગ કરે છે તે દર વખતે નવી અને ફ્રેશ હોય છે, એનું ફોકસ સામાજિક સમસ્યાઓને સીધી આલેખવા તરફ ભાગ્યે જ હોય છે, એ રૂપાન્તરિત કરીને કળાકીય શરતે વાર્તા રચે છે. એટલે સીધું કથન ઓછું છે, જ્યાં છે ત્યાં પણ વિશિષ્ટ ટેક્નિકના ભાગરૂપે આવ્યું છે. એના માટે 'જિગલો' અને 'મોતીયો' વાર્તા સીધા જ ઉદાહરણ તરીકે આપી શકાય. નારી-નરના પ્રેમના પરિમાણો, એમની વચ્ચેનો વિશિષ્ટ લગાવ, પડવું-વાગવું, અથડાવું અને કલ્પનાલોકમાં જવું- એ સર્વસામાન્ય એલિમેન્ટ તરીકે તારવી શકીએ. સૌથી મોટો વિશેષ હોય તો એ કે એની વાર્તાઓના કેન્દ્રમાં કોઈને કોઈ લાગણીની આછી રેખાઓ હોય છે, ઉર્મિઓ અને એના પડછે જન્મતા વિચારને એ વળ આપે છે, ઘૂંટે છે, એને એ એન્ગલાર્જ કરીને હળવાશ ભરી વાર્તારૂપે આલેખે છે. એનો આ વિશેષ એને વિશિષ્ટ બનાવે છે.

**(જિગલો (વાર્તાસંગ્રહ) લે. જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ, પ્ર.આ.2019, પ્રકા. ફ્લેમિંગો પબ્લિકેશન્સ, 14, ચોથા માળે, વન્દેમાતરમ્ આર્કેડ, વન્દેમાતરમ રોડ, ગોતા- અમદાવાદ-382481, કુલ પાનાં- 118, કિં. 150.00રૂ. ડેમિ)**


# આ સૃષ્ટિ કઈ રીતે રચાઈ, અને આજે આપણે આ તબક્કે કઈ રીતે પહોંચ્યા?

***આ પુસ્તક ઈતિહાસ અને વિજ્ઞાનના તાણાવાણા જેવું છે, જે આપણી અનેક જિજ્ઞાસાઓના સંક્ષિપ્ત છતાં ખૂબ જ સચોટ અને સર્વસમાવેશક જવાબો આપે છે. આને તમે વિજ્ઞાનની ગાઈડબુક કહી શકો. કારણ કે પૃથ્વી કે બ્રહ્માંડની ઉત્પત્તિથી માંડીને એના ઉપર માનવજીવ કેવી રીતે પાંગર્યો તેની જ્ઞાનવર્ધક માહિતી વાચકને અહીંથી મળશે.***

આ સૃષ્ટિ ક્યાંથી-કેવી રીતે સર્જાઇ, શૂન્યમાંથી બધું કેવી રીતે બન્યું, જીવન કેવી રીતે ઉદ્ભવ્યું તેના મૂળમાં લઈ જનાર આ પુસ્તક તમને એ દિશામાં વિચારતા કરવા સક્ષમ છે. તો ચાલો વાચકો, તમારા સીટબેલ્ટ બાંધી લો. આપણે ધરતીમાતાની ઉત્પત્તિથી માંડીને અનંત પ્રદેશની યાત્રાએ ઉપડવાનું છે.

આપણામાંના ઘણા બીલ બ્રાયસનને એક સિદ્ધહસ્ત વાર્તાકાર અને પ્રવાસ લેખક તરીકે જાણે છે. પરંતુ આ પુસ્તક એમની પ્રવાસવર્ણન શૈલીથી જરા હટકે છે - વૈજ્ઞાનિક શોધખોળોના ઇતિહાસની સફર તેઓ કરાવે છે. વિજ્ઞાનના શુષ્ક અને ભારેખમ વિષયને અકલ્પનીય રીતે રસિક અને આકર્ષક રીતે તેમણે રજૂ કર્યો છે. તેઓ time અને spaceમાં પણ યાત્રા કરાવે છે. સસલાને પણ એના દરમાંથી શોધી કાઢતી એમની વક્ર નજર અને સંશોધક બુદ્ધિ જગતનાં જાતભાતનાં રહસ્યો આપણને બતાવે છે.

લેખક બ્રાયસન જણાવે છે કે આપણે ભૌતિક જગતના જાદુ જેવા છીએ. બીજું બધું તો ખેર, જે હોય તે, પણ રસાયણશાસ્ત્રીય સ્તરે. જીવન આપણું અદ્ભુત રીતે ઐહિક-mundane છેઃ કાર્બન, હાઇડ્રોજન, ઓક્સિજન, નાઈટ્રોજન, થોડું કેલ્શિયમ, સલ્ફર, બીજાં ચપટીક ચપટીક તત્ત્વો–બધું તમને ફાર્મસીમાંથી જડી આવશે અને બસ, આ જ આપણને જોઈતું હોય છે–માનવદેહને માટે. બાકી તો આપણે અણુઓના જ બનેલા છીએ. આ જ રસાયણિક તત્ત્વો અને ભૌતિક અણુઓનું સંયોજન એટલે તમે અને હું, આપણું શરીર! આ પૃથ્વી પર વસતી, શ્વસતી દરેક પ્રજાતિ એકબીજા સાથે સંલગ્ન છે. ચાર્લ્સ ડાર્વિન તો તર્ક આપે છે કે આપણે આપણા પર્યાવરણના સંદર્ભમાં જ ઉત્ક્રાંત થયા છીએ. આપણે જન્મીએ કે મરીએ, પ્રાકૃતિક પસંદગીનો જ આધાર છે એમાં સબળો જીવી જાય ને નબળો મરી જાય. પરંતુ અનેક અવરોધો અને વિપરીતતાઓની વચ્ચે પણ માણસે જાતે ટકી જવાનું ને ઉત્ક્રાંતિ પામવાનું શીખી લીધું છે. અગાઉ જણાવ્યું તેમ, આપણે બધા જીવો સંલગ્ન છીએ, કેવી રીતે? DNA થી શરુ કરો. આપણા બધા માનવોના ૯૯.૯% DNA કૉમન છે. અને જો આપણે ફળ ઉપર બેઠેલી માખીનું પૃથક્કરણ કરીએ તો તેની જોડે આપણું ૬૦% જીનેટીક મટીરીયલ મળતું આવે છે. બ્રાયસન વિધાન કરે છે કે "બધા જ જીવો એકસમાન છે એવું વારંવાર કહેવાતું નથી. પણ મને શંકા છે કે અને જે ભવિષ્યે સાચી પડે પણ ખરી કે હા, ખરેખર જીવમાત્ર એક સમાન છે.




Must મસ્ત Read

આ પુસ્તક A Short History Of Nearly Everything એ ખૂબ રસપ્રદ અને જકડી રાખનારું વાચન છે. એ આપણને, 'ધરતી કેવડી મોટી–મહાકાય છે છતાં કેવડી નાની પણ છે. બંને વસ્તુ એકસાથે બતાવે છે. એના વિશે આપણે કેટલું બધું જાણીએ છીએ અને છતાં સમગ્ર બ્રહ્માંડમાં હજી કેટલું બધું અજ્ઞાત અગોચર છે તે પણ ચર્ચે છે. 'લગભગ બધી વસ્તુઓ'ને લેખક આવરી લે છે, સાંકળી લે છે, સમજાવી દે છે અને આ પુસ્તકને શોધખોળની યાત્રાનો ભોમિયો–વૈજ્ઞાનિક સહાયક બનાવી દે છે. જેને વિજ્ઞાન કે ઇતિહાસ નીરસ, શુષ્ક કે કંટાળાજનક લાગતાં હોય, તેમને માટે નૂતન જ્ઞાનવિશ્વની રસપ્રદ બારી ખોલી આપે છે. લેખકની શૈલી એવી છે કે વાર્તા કહેતાં કહેતાં લગભગ બધી વસ્તુઓને ખૂબ જ રોચક, મોહક બનાવી શકાય છે, પછી તે ગમે તેટલી બોરીંગ કે ઐહિક કેમ ન હોય ! આખરે, આપણે બધા જ, અણુઓની શાખા જેવા જ છીએ ને? આશરે ૬૫૦,૦૦૦ વર્ષોથી આપણે આ પૃથ્વી ગ્રહ ઉપર છીએ, તો આપણને 'માણસ' (દેહ) બનાવનારા અણુઓ કેટલા પ્રતિબદ્ધ છે તેનો વિચાર કરો. તોયે, સમયાવધિએ /જીવનાવધિએ એ તમને છોડી જવાના છે અને તમને માટીમાં કે રાખમાં મેળવી દેવાના છે. કેટલાક તમને ચોંટી રહેશે, તો બીજા કેટલાંક એનો જુદો માર્ગ શોધી લેશે. કદાચ બીજા કોઈ અણુઓ સાથે જોડાઈ જશે, અને શાશ્વત રીતે આમ કંઈક નવું નવું સર્જતા રહેશે. એ જ છે આપણું આ ધરતી ઉપરનું આવાગમન !

**પુસ્તક - A Short History of Nearly Everything**
**લેખક - બીલ બ્રાયસન**
**અનુવાદ - ડૉ. ચૈતન્ય દેસાઈ**
**ગ્રંથસારાંશ - એકત્ર ફાઉન્ડેશન**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## કેન્દ્ર સરકારના નોંધપાત્ર પગલાઓ

કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નીચેના નિર્ણયો અભિનંદનને પાત્ર છે. ઓનલાઈન ગેમ્સને પ્રતિબંધ કરવાનો ઠરાવ સંસદમાં પસાર કરાયેલ છે જે દેશના વિક્રમ સંખ્યા એવા 60 કરોડ ઓનલાઈન્સ ગેમ્સ રમતા નાગરિકોના હિતમાં છે. 30 દિવસની ધરપકડ પછી પી.એમ., સી.એમ. અને મંત્રીને દૂર કરવા માટેનું રજૂ કરાયેલું બીલ જે પસાર થયેલ છે તે બીલ રાજકીય ભ્રષ્ટાચારોને અટકાવતુ બિલ રાજકીય શુદ્ધી કરનારુ છે. સ્વાસ્થ્ય અને જીવન વીમા પોલીસી પરનો જીએસટી 18 ટકાથી ઘટાડીને શૂન્ય કરાશે જે દરદીઓને ઉપકારક બનનાર છે. કેન્દ્ર સરકારે દરેક રાજ્યોને જણાવેલ છે કે તે સેન્ટ્રલ ફંડમાંથી ગરીબ કેદીઓને નાણાકીય સહાયતા પ્રદાન કરે જે આર્થિક તંગીને લીધે દંડ ન ભરવાને કારણે જામીન મેળવવામા અથવા જેલમાંથી મુક્તિ મેળવવા અસમર્થ છે. આ નિર્ણય દેશના ગરીબ લાખો કેદીઓને ઉપકારક બનનાર છે. દેશની સ્કૂલોના કુલ 26 કરોડ બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની તપાસ સ્કૂલમાં કરવા જઈ રહી છે જે વિદ્યાર્થીઓને ઉપરકારક બનનાર છે. રેલવેની ટ્રેનોના તમામ કોચમાં અને એન્જીનમાં સીસીટીવી લગાવવાનો નિર્ણય પેસેન્જરોની સલામતી માટે જરૂરી હોઇ અભિનંદનીય છે.

**સોલા, અમદાવાદ- પ્રવીણ રાઠોડ**

## રસિયાનો રાજસત્તા સાથે નાટો

ઊર્દુ અને હિન્દીમાં બે સૂચક શબ્દો છે. રસ ધરાવનાર રસિયા કહેવાય અને સંબંધ માટેનો શબ્દ 'નાતા' પ્રચલિત છે. યુક્રેનનો રશિયા સાથે ગાઢ સામાજિક તથા સાંસ્કૃતિક સંબંધ છે આમ છતાં તે સામ્યવાદી દેશ નથી. રશિયા તરફી વિદ્રોહીઓ અને યુક્રેનના સૈન્ય વચ્ચે લડાઈમાં ચૌદ હજારથી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. અમેરિકા તમાશો નિરખી બેવડી ચાલ ચાલે છે ત્રીજા વિશ્વયુદ્ધના સંજોગો સર્જાઈ રહ્યા છે. ''નાટો'' સંગઠન યુક્રેનને તેનું સભ્ય બનાવવા ચાહે છે રશિયાને યુક્રેનનું આ સંપન્ન ખૂંચે છે. સરહદી ભૂમિ વિવાદ અને 'નાટો' સાથેનો નાતો એટલે કે સંબંધ રશિયા માટે અસહ્ય છે, ઉપરાંત વિરોધાભાસી રાજ વિચારધારા તંગદિલી સર્જે છે, જો રશિયાની માગણી મુજબ ''નાટો'' સંમત થાય તો ''નાટો'' એ પોલેન્ડ તથા બાલ્ટિક દેશો એસ્ટ્રોનિયા, લિથુમાંથી તેનું સૈન્ય પાછુ બોલાવી લેવુ પડે, અને પોલેન્ડ, રોમાનિયા જેવા દેશોમાં પણ ''નાટો'' પોતાની મિસાઈલો ગોઠવી શકે નહી. પુતિન તો ઈચ્છે છે કે યુક્રેન માત્ર ''નાટો''માં જ નહી પરંતુ યુરોપની કોઈ અન્ય સંસ્થામાં પણ ન જોડાય, કોઈ નાટો કે સંબંધ ન રાખે, વળી ''નાટો'' ને સતત કહે છે કે તેણે પૂર્વ માં તેના સૈન્યનો વિસ્તાર નહીં કરતા, પૂર્વ યુરોપમાંની તમામ પ્રવૃત્તિઓ અટકાવી દેવી જોઈએ. રાજકીય હઠાગ્રહના પરિણામ પર અવલંબે છે વિશ્વનું ભવિષ્ય..

**ઝાંપાબજાર, સુરત- યુસુફ એમ. ગુજરાતી**

## મહિલાઓને રાતપાળીની નોકરી શા માટે?

મહિલાઓને સ્વરક્ષણ માટે ગન લાઈસન્સ આપવાની જોગવાઈ થવી જોઈએ, જો તેમની પાસે રાતપાળી કરાવવી હોય તો ખાસ. મજબૂરી ન હોય તો પુરુષ પણ રાતપાળી ન કરે. સૂર્યાસ્ત પછી આદિવાસી મજૂરો પણ બાંધકામની સાઈટ પર ઓવરટાઈમ કરવાની ના પાડે છે. મહિલાઓને રાતપાળી કરવી પડે એ ક્યાં રામરાજ્યની વાત છે? સીતા માતાનાં ચારિત્ર્ય પર શંકા થઈ શકે ત્યાં મહિલાઓને રાતપાળીની નોકરી શા માટે? આ તો કુટુંબો તોડવાની યોજના થઈ. વ્યભિચારનો ગુન્હો રદ થયો. બે કલાક દરે ભાડે મળતી કપલફ્રેન્ડલી હોટલો થઈ અને હવે મહિલાઓને રાતપાળી! રાતપાળી સ્ત્રીઓમાં ઈન્સ્યુલિન પ્રતિકાર અને સર્કેડિયન વિક્ષેપથી વધેલા બ્લડ પ્રેશર દ્વારા સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદય રોગના જોખમમાં 40% વધારો કરે છે. પ્રજનન અને હોર્મોન્સ વિક્ષેપો માસિકચક્ર અને મેનોપોઝના લક્ષણોને અસર કરે છે. રાતપાળી પુરુષો કરતાં સ્ત્રીઓના મગજની કામગીરીમાં વધુ વિક્ષેપ પાડે છે અને સંજ્ઞાનાત્મક કાર્યોમાં વધુ ઘટાડો થાય છે, જેના કારણે થાક ઝડપી થાય છે. રાતપાળીથી કામ સંબંધિત ઈજાના જોખમો પણ વધારે છે. મહિલાઓની રાતપાળીનો કાયદો બનાવતા પહેલા ગુજરાતના મુખ્યમંત્રીએ સ્ત્રીઓ, સમાજ અને કુટુંબો પર રાતપાળીની અસરો અંગે કોઈ યુનિવર્સિટી પાસે સંશોધન કરાવવા બજેટ ફાળવ્યું છે?

**અમદાવાદ - કુમારેશ ત્રિવેદી**

## સમસ્યાને જ સમાધાન બનાવીએ!

(મો)ર્ડન (બા)ળકોની (ઇ) લેક્ટ્રોનિક (લ)ત અને વાલીના સમસ્યા રૂપ પ્રશ્નો એટલે મોબાઈલ. અભ્યાસમાં એક ઉત્કૃષ્ટ પરિણામની ભેટ અને ભેટ બાદ અભ્યાસમાં અધોગતિ સુધીની સફરમાં વાલી આજે એક કોમન સમસ્યાથી પરેશાન છે. સામાન્ય શિક્ષક - વાલી મિટિંગમાં સૌથી મોટી ફરિયાદ અને ચર્ચા વિમર્શનો મુદ્દો આજે મોબાઈલનો છે. ઉપાયો, સલાહ, સૂચનો બાદ અનુકરણ અને સમસ્યા નિવારણના પ્રયત્નમાં બાળકોના મનોવલણ, સ્વભાવમાં પરિવર્તનથી ઊભા થતા ડરની સામે વાલી હારે છે. જે આવી કોઈ સમસ્યાથી પીડિત નથી એમને બાદ કરતા મોબાઈલ પ્રત્યેનો આપણો અભિગમ થોડો બદલીએ તો? સૌ પ્રથમ તો સ્વીકારી લઈએ કે હવે મોબાઈલમાં આજ, કાજ અને સમાજ છે. બસ ન્યાયપૂર્વક ઉપયોગ અને અવલોકન કરીએ.૧. માત્ર મનોરંજન કે સોશિયલ મીડિયા નહીં પણ શૈક્ષણિક, સામાજિક વિષયાર્થને પ્રાધાન્ય આપીએ. ૨. સ્ક્રીન, ભણતર, અધ્યાત્મ, યોગ તેમજ રોજિંદી ક્રિયાઓમાં સંતુલન જાળવીએ. ૩. મેઈલ, કમ્પાસ, ડ્રાઈવ, કિપ નોટ્સ, વેધર જેવા સોફ્ટવેરોના ઉપયોગ ગુણવિશેષને સમજીએ. ૪. ટાઈપિંગ (લેખન, લિસ્ટનિંગ (બોલવું), વાંચન (ઓનલાઈન સમાચાર, પુસ્તકો, રસપ્રદ તથ્યો) કૌશલ્ય વિકસાવીએ. બસ આટલું જ નહીં પણ આથી વિશેષ ઘણું થઈ શકે! અંતે, એક ઉપકરણના ઉપયોગ પ્રત્યેની સભાનતા અને અભિગમ સૌથી વિશેષ બાબત છે.

**વેસ્મા, નવસારી- શાહીદ જી. કુરેશી**

## કારખાના ધારામાં સુધારો પસાર

ગુજરાત વિધાનસભામાં ચોમાસુ સત્રના છેલ્લા દિવસે કારખાના ધારા 1948માં સૂચવેલા સુધારા વિષયમાં વિરોધ પક્ષના વિરોધ વચ્ચે શાસકપક્ષે બહુમતીથી પસાર કર્યો છે. જે અનુસાર હવે ફેકટરીઓમાં મહિલાઓને રાત્રે પણ કામ કરવાની છુટ આપવાની જોગવાઈ છે. પ્રશ્ન ખુબ જ જટીલ અને ચિંતાઓને આમંત્રિત કરે એવો છે કે છેલ્લા કેટલાક પાછલા વર્ષો દરમ્યાન ગુજરાતમાં અનેક યુવતી મહિલાઓ સાથે રાત્રી સમય દરમ્યાન અપહરણ, રેપ, હત્યાની અનેક દુર્ઘટનાઓ બની ચૂકી છે. સત્તા પક્ષે કારખાના ધારામાં સુધારો પસાર કર્યો છે તે સાથે તેમની નૈતિક જવાબદારી પણ ઉદ્ભવે છે કે રાહત સમય કાર્ય કરનારી મહિલા કર્મીઓની સુરક્ષા માટે સલામત વિશેષ વાહનોની વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. તો જ આ સુધારો યોગ્ય અને સફળ પુરવાર થશે નહિ તો ગુન્હેગારો માટે ગુન્હો કરવાનો રસ્તો ખુલશે જે અંગે સરકારે વિચારવુ જરૂરી બન્યું છે.

**મોટામંદિર, સુરત - રાજુ રાવલ**

## બોલો હજુ કેટલું કમાવવાનું બાકી છે?

આપણે હવે કુત્રિમ રીતે જીવવા લાગ્યા છે. આપણે લાગણીઓ સંવેદનાઓ બહુ સ્પર્શી શકતી નથી. સ્પર્શની ભાષા હવે આપણે ઝટ સમજાતી નથી. લાડ-હેતથી આપણો દૂર દૂર સુધી કોઈ નાતો નથી. માણસ ૨૪/૭ કામ કરી હવે માણસમાંથી મશીન બની ગયા છે, હજારોછે તેને લાખો કમાવવા છે લાખો છે તેને કરોડો કમાવવા છે. લોભ-લાલચનો કોઈ અંત નથી. તમારી પાસે ૪ ગાડી છે, બે બંગલા છે, એક હેડ ઓફિસ છે, પાંચ બ્રાંચ તમારું વાર્ષિક ટનઓવર ૧૦૦ કરોડનું છે, સમાજમાં તમારું મોટું નામ છે, ૩ સંસ્થામાં તમે પ્રમુખ છો, ૧૪ સંસ્થામાં તમે ટ્રસ્ટી છો. અચાનક એક દિવસ આંખો બંધ થઈ ગઈ બીજે દિવસે પેપરમાં આઠ બાય ચારની કોલમમાં શ્રદ્ધાજંલિ તમારી વિદાયથી એમને ઘણું દુઃખ થયું છે. ત્રીજા દિવસે એ પેપર પસ્તીમાં જૂની પુરાણી લારીમાં દેખાશે. બોલો આપણી દોટ ક્યાંથી ક્યાં લઈ જાય છે? ક્યાં સુધી આપણે ભાગ્યા કરીશું? આપણે શું જોઈએ છે? શું મેળવવાનું હજી બાકી છે? જીવનના અમૂલ્ય વર્ષો આપણે આમ ને આમ બરબાદ કરી નાખ્યા. હજુ ક્યાં સુધી આ બધું કરવાનું છે? હજુ સમય છે જાગી જાવ!

**સુરત - અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**